ऊज्जनपति महाराजा धिराज भर्तृहरी अने पापी पींगळाना नाटकनां गायनो.

રચી પ્રસિદ્ધ કરનાર.

મિસ્ત્રી. બી, એમ. કુંપની

ફકત "અમદાવાદ આર્યસુબોધ" નાટક
કંપનીને માટેજ.

અમદાવાદમાં
અમદાવાદ સમાચાર પ્રીંન્ટીગ પ્રેસમાં શા० ભીખાભા
ઈ દલપતરામે છાપ્યું.

સન ૧૮૯૦ . સંવત ૧૯૪૬
આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦

કીંમત. રૂ ૦-૨-૦

૪૭૦૫

ઊજ્જનપતિ મહારાજા ધિરાજ ભર્તૃહરી અને પાપી પીંગળાના નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

શાર્દુલ વિક્રિડિત વૃત.

સુન્યારી ન્યારી વિચિત્ર સુંદર કથા, ભાખું પ્રાતે સહુ કને;
આપુ લાભ યથા સુશકિત મુજની, દાખી સહુ આર્યને;
દ્યોને નાથ અનાથના સદ્બુદ્ધિ, દાતા દયાથી મને:
ના થાયે તુજની દયા વિભુજરા, જો કોઈ ધારે ધને. ૧
માટે હે જગનાથ વીનતિ ધરી, ધ્યાને પ્રભુ મુજની;
સુશિક્ષા સહુ આર્યનેજ મળવા, યાચું કૃપા તુજની;
દ્યોને બુદ્ધિ વિશેષ શુદ્ધ મુજને, પામે સુશિક્ષા જનો;
સ્વીકારો વિનતિ દયાનિધિ વિભુ, આપો સુબોધ તમો. ૨

નટી. માઢ (આડોલર ગુલાબ ગુલદાઉદી ખીલી. (એરાહ.)

આર્ય સુજનો સાંભળો, મનમાં ધરીને પ્રીત;
જન્મ સાર્થક વિચારીને, ધારીને સુભ રીત. આ.
કરૂણાકારી ઈશે આપ્યો, ઉત્તમ મનુષ્ય દેહ;
સાથે ઊત્તમ કુળને, આર્ય ધર્મ આર્ય દેશ. આ.

વળી સુનિતિ રીતીનું, અર્પ્યું હશે જ્ઞાન,
સાધન સુખ કર સહુ વળી, ને વિદ્યાનું દાન. આ.
તેનો સદ્‌પયોગ કરવા, ધારો સ્વધર્મ ધ્યાન;
પામશો સત્ય સુખ જેથી, ઉભય લોકમાં માન. આ.
જુઓ ચરિત્ર સુ આર્યના, જે છે પરમ પવિત્ર;
તમને આપું છું હું પ્રીતે, તેહતણું શુભ ચિત્ર. આ.
ધ્યાને ધારી શુભ વિચારી, સુખકારી સુરીત;
પ્રીતે ગ્રહણ કરશો પ્યારા, સૌભાગ્યવંતા નિત્ય. આ.

ઈશ્વર પ્રાર્થના.

સર્વે પાત્રો— (વંદન કરૂ વિશ્વપતિ.) એરાહ

જગતનાથ અચળનામી, છો સર્વેશ અંતર્યામી;
છો સર્વેશ અંતર્યામી, નમિયે શિશુઓ શિશનામી. ટેક
દયા થકીજ જન્મ દીધો, દુનિયાથી જાણીતો કીધો;
વ્યાધીઓથી ઉગારી લીધો, કીધો સારી સૃષ્ટી સ્વામી. ૨
પ્રીતે સુરાંતે પઢાવ્યો, તેથી સુનિતિ બોધ ભાવ્યો;
લાવ્યો સ્મરણુ શરણુ આવ્યો, યાચવા કૃપાનિષ્કામી. ૩
ભાવે તારૂ નામ ભાખી, ચિતમાં તુજ સ્મરણુ રાખી;
દાખી નમ્રતા પાપ પરખી, સુચરિત્ર સજુ મોક્ષ ગામી. ૪
હે સુ શક્તિ કરૂણાકારી, સત્યજ કરવા દયા ધારી,
પ્યારી પ્રાર્થના સ્વીકારી, નીવારી કુમતિ પરમ ધામી. ૫

अंक १ लो.

પ્રવેશ ૧ લો.

ભર્તૃહરી) (નાગનકે બચ્ચે નાગ ઊસે પ્યાર ના કરના) એરાહ.
વિક્રમા.) સુણો રૂષિરાજ આપ. દયા કરી અમપર;
છો દયાનિધિ પ્રભુ, સહુને સુખ કર. સુણો.
માળવાના નૃપ છઈએ, સુણો રૂષિરાજ;
શસ્ત્રો ધરી આવ્યા અત્ર, મૃગયા રમવા કાજ. સુણો.
આવ્યા અત્રે પ્રાણીઓના, અવાજ સુણીને;
દેખી આ વનમાં અમે, આ હરીણીને. સુણો.
જાણ્યું અમારો ધર્મ એ છે, કેમ જવા દઈએ;
મારી તેની પુઠે તીર, અહિ આવ્યા છઈએ. સુણો.
એ અપરાધની મહારાજ, ધોને ક્ષમા આપ;
છઈએ નિરૂપાય અમે, થાય છે પશ્ચાતાપ. સુણો.
ભર્તૃહરી) (ભરથરી ભ્રાતા વિચારીને તમે કરો હું પર કોપ).
વિક્રમા.) છો ક્ષમા સાગર (૨) મહાતપસ્વી ઋષિરાજ;
દયાનીધિ દયા કરો અમ પર, કરૂણાળુ મહારાજ. ટેક.
નહિ થયું જાણ, (૨)અમને લેશ આ સ્થાન;
વસી આવ્યાં તમ તપો વનમાં, ભુલી અમારૂં ભાન. ૨.
અમ નજરે ચડી, (૨) તમ મૃગલીઆ વનમાં.
ધાયા તથી પુઠે અમ ધર્મ ધારી મનમાં. ૩.
વાગ્યું તેને તીર, (૨) પછી આવ્યા અહીં ધીર ધારી;
અજાણતાં એમ થયું, સત્ય માનો કરૂણા કારી. ૪.
આ અશહ્ય શ્રાપ, (૨) પરીતાપ કરે છે ભારી;

ક્ષમા કરો કરૂણાનિધી પ્રભુ, દયા બહુ દિલ ધારી. ૫.

(દયાળુ દેવ કૃપાળુ એ રાહ).

ભર્તૃ—વિક્રમા | આપ ચરણે નામી શીશ; સર્વ શુન્ય થઈ છે અમને દીશ આપ.
એક બધુને યોગ્યા શ્રમ; બીજાને વનવાસ અધમ આપ.
કેમ રહેશે માળવાનું રાજ નથી; બીજો કોઈ યુવરાજ. આપ.
આર્યવૃતમાંથી પ્રમાર કુળ; તણું જાશે યાથી મુળ. આપ.
માટે મહારાજ વિચારો જરા; થશે બહુ જન દુખીઆં ખરા આપ.
દયા નિધિ કરોને દયા; બહુના સુખ જેમાં રહ્યાં. આપ.
છો ક્ષમા સાગર દયાળુ અમાપ; નિવારો દોષ દુઃખ કર આપઆપ.

પ્રવેષ ૩ જો.

દાસી માઠ (આડોલર; ગુલાબ ગુલદાઉ દીખીલી. એ રાહ.

પ્યારે હમારે સુણીએ, આંણદરી એક બાત;
ચલો અવણાં હોવે તો; કરનેકુ કામ શાંત. પ્યારે.
પ્રીતશે તુમ પહેન લો, યહ બસ્ત્રો સુંદર;
હમ મોહિત હું એહે, છબીસે તુમ પર. પ્યારે.
લે જાઉં રાજદ્વારમેં, તુમકો મેરે સંગ;
ભોજન કરાવેગે અછે, પીલાવેગે ભંગ. પ્યારે.
ત્રિયા બેશ મેંલે જાઉંગા, તુમકો મેરે પ્યારે;
શુણો કે શી મજા યારીકી, ન કરૂં તુમકુ ન્યારે. પ્યારે.

પ્રવેષ ૪ થો.

(નાગન કે બચ્ચે નાગ ડસે પ્યાર ના કરના).

પીંગળા—પધારો પ્યારા મારા પ્રિતે, બીરાજો આસને;
જુદાઈ હૃદયથી ન જાણો; પ્યારી ગણો મંન. પધારો.

સંસાર મધ્યે સુખ માત્ર, પ્રેમનુંજ સુખ;
રસિક સમાગમ વિના, જાણો છેજ દુઃખ. પધારો.
સૃષ્ટાંએ સરજાવ્યાં છે, સુંદર નર નારી;
યોગ્ય પુરૂષ વિણુ જાણું, જન્મ દુઃખ કારી. પધારો.
જીવન સત્ય જાણો નકકી, પ્રેમનું જીવન;
અન્ય જીવે છે વૃથા, પશુ સમાનજન. પધારો
સારૂં સારૂં ખાવું પીવું, શોભાવવું સ્વઅંગ;
ભોગ વિલાશ વિવિધ રીતે, કરવાં રસીક સંગ. પધારો.
માટે સ્વીકારો વિનંતી મારી, સારી વિચારી;
ન્યારી ન્યારી રસિક રીતે, કરવાં રસિક સંગ. પધારો.

अंक २ जो.

પ્રવેષ ૧ લો.

(કોઠા મેરા કયા હુવા. એ રાહ.)

ભર્તૃ—સુણો સચીવ પ્રશ્નો મારા, તમારા ધર્મના,
જાણો તમો રાજ્ય રીતી, ન્યાયો મર્મના. સુણો.
કહો તેં કયા કર્યા છે ન્યાય, જેથી સુકીર્તી પમાય;
કેવાં શાલાઓના કામ, તમ મર્મ કર્મના. સુણો.
કહોને નવીન સમાચાર, જે બન્યો હોયે રાજદ્વાર;
સાર કહો તે સર્વના, કૃત્ય ધર્મ પર્મના. સુણો.

પ્રધાન. (એજ રાગ).
વૃતાંત મહારાજ સુણો, આપ રાજ્યનો;

કહું છું યથા સ્થિત અત્રે, સર્વ કાજનો. વૃતાંત.
દેહાંત શિક્ષા કેરા ન્યાય, મુલતવી છે મહારાય;
બાકીના આપ્યા છે સર્વ, ધર્મ જાણી રાજનો. વૃતાંત.
શાળાઓ તણાં સુકામ, શુદ્ધ રીતે થાયે સર્વ જામ;
શિશુઓ ઉપકાર માને, સ્વરાય શીરતાજનો. વૃતાંત.
સર્વ મંદીરોની માંહી, પુજાદિક થાયે છે આંહી;
યજ્ઞાદિક કરે છે વિપ્રો, જાણી ધર્મ છાજનો. વૃતાંત.
ઓષધશાળા હય ગય શાળા, મધ્યે કૃત્યો સુખાળા;
થાયે છે નિત્યના નિયમથી, નિયમ સમાજનો. વૃતાંત.
નથી નવિન સમાચાર, સર્વ ન્યાય પ્રબંધ સુખકાર;
સાર આપના પ્રશ્નોનો, સત્ય ન્યાય મહારાજનો. વૃતાંત.

પ્રવેશ ૨ જો.

(ઇંદ્ર સભાની ગજલ.)

પીંગળા.–દાસી તેં નથીજ જાણ્યું મારૂ સ્ત્રી ચરિત્ર;
જો બતાવું તો નક્કી, પાડું ચિત્ત ચિત્ર. દાસી.
કહો તો બતાવું તુજને, જો તારી ઇચ્છા હોય;
સ્ત્રી જાળમાંથી ખરે, છુટી ન શકે કોય. દાસી.
કેમ કરત પ્રીત તેથી, જો ન હોત એમ;
મુર્ખ થકી પ્યાર કરતાં ન રહેત ક્ષેમ. દાસી.
જ્યારે આવે નૃપ અતરે, ત્યારે જોજે તું;
કેવાં વચન કેવી રીતે, વદુ છું દાશી હું. દાસી.
આતો છે મનુષ્ય પણ, કદી હોય દેવ;
તોપણ તેને છેતરૂ હું, કરી ચરિત્ર સેવ. દાસી.

દાશી. ઊપલી રાહ.)

સત્ય કહો છો બાઇ પ્યારાં, જાણું છું હું સહુ;
મે તો કરી પરિક્ષા બાઈ છો ચતુર બહુ. સત્ય

પણ જાણો જોખમકારી મુર્ખ સંગ પ્રીતિ;
તેને સાચવવાને રાખો, વિવિધ અતિ રીતિ. સત્ય.

તમારી હીંમત થકી કરી, કરયું છે એ કામ;
પણ જાળવજો બાઈ તમે, રાખી હાથ હામ. સત્ય.

પીંગળા. **(દક્ષિણી રાહના લાવણી.)**

પ્રાણેશ માહરા, સુણો મુજ વિનતિરે. પ્રાણે.

વિરહઝાળ, જાણું કાળ, કરે બેહાલ, મહા વિક્રાળ,
વ્યાકુળ કરી અ.તરે, પ્રાણેશ માહારા;

થઈ પતિ અતિ, મારી મંદ ગતીરે,
ન સહુ ક્ષણભર, વિયોગ દુઃખ કર, સ્વામી સુખ કર,
હે હરહર, ન કરો વિયોગી પતિરે. પ્રાણેશ માહરા.

નહી પધાર્યા કેમ, થયા ચાર દીનરે;
જાણો મીન, દાશી દીન, પ્રેમ વીણુ, તમ આધિન,
થઇ હતી દુઃખિતરે. પ્રાણેશ માહરા.

જો ચાહો મુજને, સજીવન પતીરે;
રહો પાસ, પુરો આસ, નહીતો નાશ. હુ પામીસ,
હરો મારી વિપતીરે. પ્રાણેશ માહરા.

ભર્તૃહરી.— **કનરો સિંહાનો.**

મુજ વિનતિ સ્વીકારી પ્રીતે પ્યારી, ન કર કદી ન્યારી પ્યારી મારી.
મૃગયા ખેલવા આણંદ લેવા, અરણ્યમાં ગયા હતા નારી રે.
પાછાં આવતાં ભુલા પડયાં ત્યાં, અહિંયા રાહ દેખી હશે ભારી.

પછી અહિ આવી ધ્યાને ધર્મ લાવી, કરયા કાળેશ્વર દર્શસુખકાળી,
સ્તુતિ કરતાં ભક્તિ ચિત્ત ધરતાં, વહી ગઇ રાત્રી પ્યારી સારી.
રાજ્ય સમાજે જવું નક્કી છાજે, ગયો ત્યાં ઉરમાં એવું ધારી.
અહિં રહીશ હું કોડ પૂરા કરીશ, ધરીશ ધ્યાને જે કહીશ સુખકારી.
ચિંતા ત્યજને શાંતી સજને, ભ્રાંતી નહી કર વૃથા દુઃખકારી.

પિંગળા. **દીંડો.**

નથી લેશ પતિ, મુજ પર પ્યાર;
સત્ય વદુ છું અતરે, મુજ પ્રાણાધાર;
નથિ જાણતા પિયુ, દાશી દુઃખ લગાર. નથી.
સહેજ ગયા ખેલતાં, થયા દિન ચાર;
તેટલા સમયમાં પિયુ, મારે વર્ષ બાર;
આપને તો નથી થયું, નક્કી રતિભાર, નથી.
પધાર્યા તોપણ, દર્શ દીધાં ન સુખકાર;
પધાર્યા મરણ સમ, લહ્યું જ્યારે અપાર;
જરા વિલંબ થતે, નહોતી આતમ નાર. નથી.

ભર્તૃહરી.— **આશા ગોડી.**

સમજુ છો મુજ નારી, પ્રાણાધિક સમજુ છો મુજ નારી.
રાજ કાર્ય છે વિચિત્ર વિકારી, તેની સંભાળ લેવી સારી. પ્રાણ
જવું જોઇએ રાજ સભામાં, કરવા ન્યાયો ધર્મ ધારી. પ્રાણ
એમ નહીં કરીયે એક સ્થાને રહીએ, તો દુષ્ટ વધે દુખકારી. પ્રા.
તોપણ તુંજ પાસ રહું છું ઝાઝું, દાઝું દિલમાં દુખી દેખી પ્યારી પ્રા
સુખ તુંજ કેર છે અતી દુર્લભ, જાણું મનમાં હું બહુ વિચારી. પ્રા
પણ હવે ઝાઝું અહીં કહી સહુ, સત્ય માનને ભ્રમહરનારી પ્રા.

પીંગળા. **સીહાનો કનરો.**

પ્રાણાધિક પતિ સુણો વિનતિ, પ્રસંશા વૃથા ન કરો પતિ અતિ.
એવી પ્રિયા પ્રાપ્ત થઈ હોય જેને, ક્ષણ નવ ન્યારાં રહે દંપતિ.
હાસ્યે કરો નહીં મુજનું પ્રાણેશ, ત્રણસો સાઠ છે અન્ય રૂપવંતિ,
હું કોણ માત્ર તે સર્વેની આગળ, જે કરતિ પતિ ચિત્ત રંજિત અતિ.

ભર્તૃહરી.— **કનરો સિંહાનો.**

નહિ નહિ નારી પ્રાણથી પ્યારી, સુમુર્ત્તી તારી ન ઈચ્છુ ન્યારી. ન.
સાઠને ત્રણસો છે તે તો છે, પણ તું એકજ છે સુખકારી. નહિ
નિરખી તુજ રૂપ મોહિત સુર ભુપ, થાયે સુંદર રંભા વિસારી.ન.

ભર્તૃહરી **ગીતી છંદ.**

સુણ નારી મુજ પ્યારી, કહું છું સત્ય તુને સુખ કરનારી;
રહિશ તુજ સમિપે નારી, ક્ષણ નહિ કરૂં તુજને મુજથી ન્યારી.
અનુપમ છે તુજ સુખ, શું વદુ હું મુખમાં જીવ્હા એક;
તુંજ વિયોગ કેરૂં દુ:ખ, જાણું મનથી સહુથી તેતો છેક.
માટે હું અહીં રહિશ, કરીશ ઇચ્છા તુંજની એનિ પુર્ણ;
વિક્રમને સહુ સોંપીશ, હરિશ તુંજની ભ્રાંતિ દારા દુ:ખકારી.

પીંગળા.—મેવાડો. (અશરણ શરણ અભરા ભરણ. એરાહ

પ્રજા પાળક સત્ય સુખ કારક, મુજના છો પરમેશ;
અમર થાઓ કુળ દીપાવો, છો મહાન નરેશ. ટેક.
કરશો રાજ સુરીતિથી, પાળશો પ્રજા પ્રીતિથી;
નીતિથી નહિં ભિતિથી, કરશો ન્યાય સુરીતિથી. પ્રજા પા.
હરશો વિપત્તિ અનેકની અતિ, પ્રકાશો પતિ રતિ;
ધરશો ધર્મ સદ્વ્રતિ, કરશો મંદ દુષ્ટ ગતિ. પ્રજા,

પ્રમાર કુળના છો ભાનું, જાણું શ્રેય કરનાથ;
અમર શું થાઉં હું નારી થઇને, હું કેમ સાધીશ સહુના સ્વાર્થ પ્ર.
નહિ થાયે મુજથી રાજ્ય, તેમજ સુખ કર કાજ;
હું છું નારી આપની પીયું, અમર ઈચ્છું શિરતાજ પ્રજા.
કૃપા નાથ આપ આરોગો, ઘો મુજને દુર્લભ સુખ;
અમર થાઓ પ્યારા મારા, સુધારા કરી હરો દુઃખ. પ્રજા.

પ્રવેશ ૩ જો.

ગુરૂ ગોવિંદના મહિના.

છાડીને તેની મા.—અગણીતમાંનું ઉપકાર, વીરા તારારે.
કીધું રક્ષણ માહરૂં આજ, અમર વીર મારારે. ટેક.
વિશાળ પામીશ તું રાજ્ય, સુકાર્યો કરવારે;
પામીશ સુશક્તિ અપાર, દીન દુઃખ હરવારે. અગ.
પામીશ ઇશનો પ્રસાદ, વિષયો તજવારે;
પામીશ ધર્મ તું શ્રેષ્ટ, ભવતારણ ભજવારે; અગ.
થઇશ સૃષ્ટીનો સુર્ય, પ્રમાર શીરતાજરે;
કેવા ઇશ જગતમાં વીર, પરાક્રમી રાજરે. અગ.
પરદુઃખ ભંજન છો ભ્રાત, શાંતિ દાતારે;
હરો તુંજ ત્રિવિધિ તાપ, ત્રિભુવન ત્રાતારે. અગ.

अंक २ जो.

પ્રવેશ ૨ જો.

પીંગળા.—(અરે લાલ દેવ) એરાહ.

પ્રીતમ પ્યારા મારા, છો સુખ સુર્ય;
કરાવતા નથી આપ, આપનું માધુર્ય. પ્રીત.
સદૈવ દાસી સમીપ, વસતા નથી;
અસહ્ય દુઃખ થાય, શું કહું કથી. પ્રીત
પધારો છો પીયું, મહા કાળેશ્વર;
પાકો પહોર ત્યાં, કરો પ્રાણેશ્વર. પ્રીત
એટલા વખતમાં, થાઉં દુઃખીત અતિ;
કથી નથી શકતિ, આ જીવ્હા પતિ. પ્રીત
હૃદય સ્વામી મારૂં, ભેદાય છે;
અતીશય ખેદ હું, ખરે થાય છે. પ્રીત

ભર્તૃહરી.–(કહું શું નસીબે દુઃખીઓ કીધો છે. એ રાહ
શું ભય છે તુજને કહો મુજને પ્યારી;
એ શું તુજને આપ અકારી. શું ભય.
નથી કોઈ મૃત્યું લોકે એવો જન;
તેમાંજ ત્રિભુવને ભય કારી. શું ભય
દુઃખદ મૃત્યું ભય તુંજને તો નથી;
એ કૃપા મહર્ષિની સુખકારી. શું ભય.
નથી નથી તુજને સ્વપ્ને પણ નથી
કથી કથી શું કહુ વિશેશ નારી. શુ ભય
નિર્ભય છો નક્કી પ્રાણાધિક;
સાથી કહે છે ભય દુઃખકારી. સુભય.

પીંગળા. **એજ રાહ.**
નથી અસત્ય વદતી હે પ્રીય પતિ;

અસહ્ય છે મુજને વિપત્તી. નથી.
નથી મૃત્યુ ભય મુજને સ્વામી;
પણ કહેવા નથી શકિત ધરતી. નથી.
જો કહુંતો આપને દુઃખ થાયે;
તેથી નથી આપ પાશે વદતી. નથી.
માટે કહું મુજ સમીપે રહેવા;
લેશો લક્ષે પતિ આ વિનતી. નથી,

દાસી. (છોડીને જાઉં હું એકલી પ્યારા તુજ પ્યાર.)એરાહ
શુ વિપરીત વાત આ, બની છે આ સમે;
સુણી દુઃખદાયક યે, બહુ દીલને દમે. શુ.
ઉજનનીનો સુખ સુર્ય, અસ્ત નક્કી થશે;
જ્યારે દુઃખ ભંજન ભ્રાત, અહિંથી જશે. શુ.
અરે દૈવ આ શું કર્યું, શી તારી ગતી;
શું દયા તુજને નથીરે, જગતના પતિ; શુ,
પુછત જો મહારાજ તો, શીરે દશા થાત;
મરવું પડત ત્યારે અરે, મારે ખરેખાત. શુ.
આ બાઇની પાશે, રેહેવામાં નથી સાર;
કોઈ દીન મરવુ પડશે, નહી સંદેહ લગાર. શુ,
હે દૈવ કૃપાકરી, વશસો માહારાજ ઉર;
સત્ય ઠરાવો વિક્રમને, જે છે ધર્મધુર, શુ.

પ્રવેશ ૩ જો.

વિક્રમ. સુણો જળધર આપ નિરંજનજી એરાહ.)
મેં અનિતિ આચરણ આચરયુંજી,

એવી વાત કરો છો ભ્રાતા;
સ્વપ્ને પણ નહિ અધર્મ આચરૂ,
સત્ય વદું છું હું ત્રાતા.
નથી આપે જાણ્યું મુજ અકૃત્યજી,
કેમ વાક્ય બાણુ નિર્દોષીને મારો;
કોઈના ભર્માવ્યા છો ભ્રાતા,
કહુ તે સત્ય ચિત્તે ધારો.
આદિત્યવત કેમ કલંકિત થાઊંજી,
નહિ નહિ અધર્મે ધસનારો;
સદા સાત્વીક વૃત્તીથી હું,
સુ કૃત્ય આચરનારો.
આપ છો સુજ્ઞ ને શાણાજી,
આમ કરવું અયોગ્ય વિચારો;
કરી પુર્ણ તપાસ પછીથી,
કરોને ન્યાય મારો.

સાખી.

વદોને કરી વિચાર, અને મારો વેણુનો માર;
મુજને જાણો સુદ્ધ નિરધાર, હે સુજના છો સુખદાતા.

ભર્તૃહરી. (ક્ષત્રી કલંક કેમ લેશેરે. એ રાહ.)

ખરૂં કહું છું અત્રે હે દુષ્ટ, અનીતિ કૃત્યં તેં તો કર્યુંરે.
તું થયો છે અતિશય પુષ્ટ, અનીતિ કૃત્ય તેં તો કરયુંરે.
મેં જાણી સર્વે તારી લુચ્ચાઇ, અ. હવે સંકેલ તારી ચતુરાઈ. અ.
નફ્ફટ નક્કી કીધો છે તેં કેર, અ. કેમ છુપી રહે પાપીની પેર. અ.

તારી યુક્તીઓ થઈ નિષ્ફળ, અ. પણ ચાલ્યુ નહિં તારૂં કાંઈ બળ. અં.
એ દુષ્ટાચરણે કરયું તે સ્યામમુખ, અ. હવે નક્કી ગયું તારૂ સર્વ સુખ. અ.
મેં રાખ્યો તુજ પર વિશ્વાસ, અ. તેથી કર્યા તેં મુજને નિરાસ. અ.
લઘુ ભ્રાતને સોંપે કોણ રાજ, અ. પણ મેં તો સોંપ્યું હતું હતું તે કાજ. અ.
તે સર્વ કૃપાનો કરયો તેં નાશ, અ. માટે તારો થવો જોઈએ વિનાશ. અ.
પણ તુજને કરૂં છું દેશપાર, અ. નહિ રહે મુજ રાજ્યમાં કોઠાર. અ.
જાઓ સત્વર અહિંથી પાપીષ્ટ, અ. રહીશ તો નક્કી થશે અનીષ્ટ. અ.

વિક્રમ (જોડી તમે ના જોઈ માડી. એ રાહ.)

સુવદો છો વગર વિચારે, (૨)
નથી નથી દુરાચારી થયો હું; છે માતુ સમાન મારે.
માટે વિચારી વદોને વચન. (૨)
સત્ય જાણતાં નક્કી ભ્રાતા, સહાસન થશે સહન.
તમ આજ્ઞા શીર ધારૂં, (૨)
જઈ અરણ્યે વાસ કરૂં હું, અહિં નહિં સ્થાન મારૂ.
પણ પશ્ચાતાપ થશે ભારે, (૨)
નથી નથી દુરાચરણી થયો હું, છે માતુ સમાન મારે.
વાત્સલ્ય પ્રેમ આપે મુજ પર, (૨)
અનહદ બતાવ્યો છે હમેશાં, થાઊં કૃતઘ્ની હે હર હર.
વળી કૃપા આપની અનુપમ, (૨),
તેવી સારી કેમ ઈચ્છું હું, દુષ્ટ કેરે કુરૂપ.
મુજ ચિત્ત સુધર્મ ધારે, (૨)
નથી નથી દુરાચરણી થયો હું, છે માતુ સમાન મારે.

अंक ४ थो.

પ્રવેશ ૧ લો.

દાંડી.

ભર્તૃહરી. કરૂણાનીધી પ્રભુ, મહા કાળેશ્વર;
કરે નમન આપને આ, શીશુ સર્વેશ્વર;
તેને સત્ય સુખ દેશો, દીનેશ્વર. કરૂણા.
આપ દર્શ પ્રભુ, અમંદાનંદ કારી;
તેમજ ત્રિભુવને, છેજ હિતકારી;
સદા દુર્લભ દર્શ, દેશો ત્રિપુરારી. કરૂણા.
મુજની ઇચ્છાઓ, કરશો પ્રભુ પુર્ણ;
સર્વ સંકટ કંટક, મુળ કેર ચુર્ણ;
તેમજ સદા દ્યો પ્રભુ, સુખ કેર સુર્ણ. કરૂણા.

પ્રવેશ ૨ જો.

(ક્ષત્રી કલંક કેમ લેશેરે એ રાહ.)

ધિ:ક ધિ:ક હે પાપી નાર, વ્યભીચારીણી ધિ:ક તુનેરે.
ધિ:ક ધિ:ક તુજના દુરાચાર. વ્યભીચારીણી.
અરે જાણી મેં તારી રીતી સત્ય, વ્યભીચારીણી૦
રહેતો તુજ સમીપે નિત્ય. વ્યભીચારીણી.
છોડયાં મેં સર્વે રાજ૦ કાજ, વ્યભીચારીણી.
તેમજ સુજનોની સમાજ. વ્યભીચારીણી.
નહી લેશ દીધું બીજે મન; વ્યભીચારીણી.
માત્ર તુમાં દીધું તનમન ધન. વ્યભીચારીણી.
નહી ત્રપતી થઇ તું તો પણ, વ્યભીચારીણી.

શેવ્યાં પાપ કર્મો તે અગણ્ય. વ્યભીચારીણી.
અકુલીન ગમ્યો અશ્વપાળ, વ્યભીચારીણી;.
તેને ધાર્યો તે પરમ સુખાલ. વ્યભીચારીણી.
દુષ્ટના સુખ સારૂ કર્યો કેર, વ્યભીચારીણી.
કાઢયો મુજ બધું કંઈ પેર. વ્યભી.
અરે કેટલો એ તારો અન્યાય વ્યભી.
કેમ સહન તે મુજથી થાય વ્યભી.
કરૂ ટુકડા તારા આવાર; વ્યભીચારી
પણ સ્ત્રિહત્યાથી અટકું લગાર. વ્યભી.
દુષ્ટ નહી બતાવ સ્યામ મુખ, વ્યભી.
તજ્યાં મેં સંસારના સુખ, વ્યભી.
હવે નહી વસું આ સ્થાન, વ્યભીચારી
પરીબ્રહ્મનું ધરૂં ધ્યાન. વ્યભીચારીણી.

પ્રવેશ ૩ જો.

સોરઠની ગજલ.

ભર્તૃહરી. ધિઃક ધિઃક ત્રિયા જાતને, ધિઃક ધિઃક એની રીતને. ટેક
પળમાં બતાવે પ્યાર બહુ, પળમાં વિસરી જાયએ સહુ;
માત્ર વિષય કેરે કાજ એ, ન લેખે પ્રાચિન પ્રીતરે. ધી૦
ધુર્ત છંડે પરમ પ્રિય નીતિ, ન રાખે મનમાં લેશ ભીતી;
કલંકિત કરે કીર્ત્તી અતિ, કરી બહુ જનનું અહિતરે. ધી૦
નિજ પતિથી નહી તૃપ્ત થાયે, તુચ્છ પરપુરૂષનો સંગ ચાહે;
આપે સર્વસ્વ તેહને, કરી ઊભય કુળ લજ્જિતરે. ધી૦
ભ્રમાવે કપટ રહિત નાથને, તેમજ સહુ કુટુંબી સાથને;

વ્યભિચાર સેવે ઊલ્લાસથી, અર્પી યારને નિજ ચિત્તરે. ધિ.
કેટલું કથું પ્રભુ હું અરે, સંભારતાં ખેદ અનહદ ખરે;
ધિઃક ધિઃક તુજને ધિઃક છે, ધિઃક ત્રિયા જાતને નિત્યરે.

ભર્તૃહરી (હું રાવણ લંકાપતિ એરાહ)

હાય ખેદ કરૂં કેટલો, અત્યંત થાય પરીતાપ;
અરે નિર્દોષ બંધુ માહરા, તુજ વિશેનો પશ્ચાતાપ. હાય.
પર દુઃખ ભંજન હે ભ્રાતા, તુજપર મેં વાકબાણ;
ફેંકયાં અતિ ક્રૂરતા થકી, હાય સુણી ફાટે પાણ. હાય૦
ધિઃક ધિઃક મુજને ધિઃક છે, કર્યો નહિ સત્ય ન્યાય;
હાય હાય મૃત્ય દુઃખથી, વિશેષ સંકટ થાય. હાય.
આવ હે બંધુ ત્વરાથી, માર માર હું પાપીને;
તુજપર અન્યાયના બદલાથી, સતાંશ સદ્ય આપીને. હાય.
ધિઃક દુષ્ટ કામદેવને, ધિઃક એહની ગતીને;
ધિઃક છે પાપી પીંગળા, ધિઃક ધિઃક આ દુજ પતિને. હાય.

(છોડીને જાઉં હું એકલી પ્યારા તુજ પ્યાર) એ રાહ.

હવે નક્કી ભેખ ધારવો, તારવો સંસારથી દેહ;
વૈરાગ્ય વિના સહુ પદાર્થ, દે છે મુને છેહ. હવે.
ત્યાગ કરૂં વસ્ત્રાલંકારનો, ત્યાગ સુખ સંસારનો;
સ્વીકાર કરૂં હું માત્ર હવે, વૈરાગ્ય સુખકારનો.
ત્યાગ કરૂં સ્ત્રી સમુહનો. ત્યાગ રિદ્ધી અપારનો;
ત્યાગ કરૂં પ્રિય સજ્જનોનો, ત્યાગ સાધન સુખકારનો; સ્વી.
ત્યાગ કરૂં પ્યારી પ્રજાનો, ત્યાગ કરૂં પ્રિયાના પ્યારનો; સ્વી.
ત્યાગ અનિત્ય વસ્તુનો, ત્યાગ સહુ વ્યહવારનો; સ્વી.
નહિ કરૂં ત્યાગ નહિ કરૂં, માત્ર બંધુ તુજ સુ નામનો;

પ્રવેશ ૫ મો.

(શૃંગારમાં ડુબાવિતી તમેજ મુને એ રાહ.

પીંગળા.—અરરર પાપ કર્મ ધર્મ ન ધાર્યો લેશ;
અકર્તવ્ય તેં કરાવ્યાં, મુજથી વિશેષ. ટેક.
પ્રથમ તો મન મારૂં, કર્યું તેં વ્યાકુળ;
વ્યભીચાર સેવરાવી, સ્થાપ્યું તારૂં મુળ.
લગાડયો અકુલિન, અશ્વપાળથિ પ્યાર;
નિશ દિન સ્મર્ણુ તેનું, સેવતી વ્યભિચાર.
પૃથ્વીપતિ મુજના, સત્યજ પ્રાણેશ;
તેથી પ્રીતિ તોડીને મેં, કર્યું પાપ હમેશ.
હાય હાય તોડયો મેં, સ્વપતિનો વિશ્વાસ;
મુજ સમિપે સદૈવ, વસતા મુજ આવાસ.
અરે હાય એ મહાભાગ્ય, લેશે હવે યોગ;
અનર્થ કેટલો થશે, મારા પુરા ભોગ.
ધિઃક ધિઃક કામ તુને ધિઃક સદા ધિઃક;
તુજ પ્રબળતા થકી, રાખી ન ધર્મ બીક.
હાય દૈવ મારી શીરે, થશેરે સ્થીતિ;
રૌ રૌ નર્કમાં હું દુષ્ટ, રહીશ પીડાતી.
શિવ શિવ પ્રાયશ્ચિત્ત, અસહ્ય પરીતાપ;
કરે છે મુજને આજે, કરૂં શો સંતાપ.

પીંગળા.— (વર્ણિકાની વનમાં વલવલે એ રાહ)

લઘુ ભ્રાત શાહ વિક્રમ, હતો [illegible] આદિત્યના આપ;
હું દુષ્ટાએ તેહને, દાખોત કીધો અમાપ. લઘુ.

સદા હતી મુજની પ્રતિ, મારુ કરી મતિ
તેને સંતાપ્યો હાય અરે, દુ:ખ દઈને અતિ. લઘુ.
દુષ્ટ અશ્વપાલ મુજને, ને દુષ્ટ દાસીને.
દઉં ધિ:કાર અરે કેટલા, દુ:ખી સુખ રાસીને. લઘુ.
હાય હાય તમે કીધાં, વાળ્યો મારે દાટ;
સમજાવ્યું મુજને, ઘડવા તેનો ઘાટ. લઘુ.
અરર નિર્દાપી હિયરા, આવ અત્રે આ વાર;
શિરછેદ કરને સત્વર, ના કર વિલંબ લગાર. લઘુ.
શાં કરૂં પાપના સ્મરણ, શાં કરૂં પ્રપંચના;
શાં કરૂં કુકર્માઓના, શાં વિષય વંચના. લઘુ.
હવે નક્કી સરણુ થઉં, શંભુ તણું સુખકાર;
હાય હાય એ પાપ કર્મનું, કહે છે દુ:ખ અપાર. લઘુ.

પીંગળા—(જનુંની જીવોરે ગોપીચંદની એ રાહ]

કૃપાનાથ માલવપતિ, નિરખો નિરખો તમ નારજી;
વેગે વિચારો હે વાલમાં, એક આપનો આધારજી.
ભગવાં ઊતારો મારા સાહિબા. એ ટેક.
કામે વશ કરી મુજને, કરાવ્યું કુડું કર્મજી,
કામ બાણે થઈ અંધ હું, લેશ ન ધાર્યો ધર્મજી. ભગ.

ભ—કૃપાનાથ શાચા સર્વેશ છે. જોગી માલવપતિ ન હોયજી;
વેગે વિચાર યોગ્યાભ્યાસ સહુ, ઈશ વિનાના'ધાર કોયજી.
ઝટ દે ભીક્ષા મૈયા જોગીને. એ ટેક,
રટો રામ નામ સર્વદા, કરો મોક્ષાદિક જપજી;
પાપ પ્રચંડથી છુટવા, કરો વિધ વિધ તપજી. ઝટ.

પીંગળા—નાથ ઝાલી મુજ હાથને, પધારો મોહોલા માંહીજી;
નાવલીયા મુજ નાથ છો, કેમ કહો નારને માઈજી. ભગ.
ખાંતે ખેલ ખેલો વિલાશના, આરોગો સુ પકવાનજી;
સુખ સુવદની શ્રંગારનું, ચાખો અમૃત સમાનજી. ભગ.
ભ.—માઈ મેં સંસાર ત્યાગીઓ, ત્યાગ્યાં સુખમય સ્થાનજી;
ત્યાગ્યાં સુ શ્રંગાર પકવાનો, ને વિષય વિષ સમાનજી. ઝટ.
આ શક્તિ ત્યાગો સંસારની, સર્વે મિથ્યા પ્રમાણુજી;
તન જોબન અનિત્ય છે, ભક્તિ સુખ નિત્ય જાણુજી. ઝટ.
પીંગળા—જોબનવંતિ પ્યારી પીંગળા, આપ પ્રમાણી મહારાજજી;
સમીપ સદા પ્રભુ રાખતા, કેમ તરછોડો આજજી. ભગ.
નહિ નહિ એમ થાયરે, દયા લાવો મહિપાળજી;
પ્રેમ વિસાર્યો કેમ કંથજી, છો ગુણુજ્ઞ દયાળજી. ભગ.
ભ.—દયાળ કરયો મુને કેટલો, કાઢયો બંધુ વિદેશજી;
તુજ કારણ થકી પાપીણી, ત્રાડયા વચન વિશેષજી. ઝટ.
જોગી થયો પણ જવાળાએ, નહિ દીલમાં સમાયજી;
તુજ કુકૃત્ય સ્મરણ થકી, અંગે અનળ પ્રગટાયજી.
હાય બંધુ મારો ક્યાં હશે. એ ટેક.

પીંગળા—ક્ષમા કરોને માલવ પ્રભુ, જાણી દીન આ નારજી;
ધિક: ધિ:ક મુજને ધિ:ક છે, નવ કરયો લેશ વિચારજી. ભગ.
ભ—બસ બસ થઇ હવે બહુ અરે, ભિક્ષા દે માઇ ઝટજી;
જાઊ શ્રી સતગુરૂ શરણે, છોડી સઘળી ખટપટજી. ઝટ.
ત્યાગ કરયો સંસારનો, સંગે ધરયો પ્રભુ પ્યારજી;
ત્યાગ કરયો જુવતી જાતનો, લુબ્ધ ન થાઊ લગારજી. ઝટ.
પીંગળા—એકને કારણુ નવ ત્યાગોરે, હાવ ત્રણુસોને સાઠજી;

શું અપરાધ છે તેહનો, ન કરો ગજબ મુજ માટજી. ભગ.

ભ.–નહિ નહિ રહુ અહિં હવે, નથી ચહાતો નારી જાતજી;

જો ઈચ્છા હોય તો ભિક્ષા દે, ન કર અસત્ય વાતજી. ઝટ.

પીંગળા–ખમાચ ચતરંગ. મોહે દેકે રીટકાર, એ રાહ.

કરૂં હવે શું આઇ, નથી સુજતુ કાંઇ; મરૂં મન મુઝાઈ, ઠરી દુઃખદાઇ;

હાય જીવું છું શાથી, કહેને સખી. કરૂં હવે શું આંઇ.

કરયું પાપ અતિ, છળા મેં તો પતિ; થઈ અંતે છતિ, કેરી કામ ગતી

ન સહાઈ હું થી, થઇ બહુ દુઃખી; કરૂં હવે શું આંઈ.

ડુબાવ્યા દિયર, લજાવ્યું પિયર; લગીત ન સહિયર,

બની ખરે કાયર, ન વદાય મુખથી, મટી હું તો સુખી. કરૂં હવે શું

બન્યા જોગી પ્રાણેશ, મહાન રાજેશ; જેહના દીલેશ,

શું કહે શો સર્વેશ; ખામી રાખી નથી, પામુ નરક નકી. કરૂં હવે શું,

દાસી—(વહલા ઊઘાડોને દ્વાર સદેવંત. એ રાહ.)

ધૈર્ય ધરોને બાઇ, તજી શોક ધૈર્ય ધરોને. એ ટેક.

સાખી.

પાણી પી ઘર પુછીએ, પસ્તાવો બહુ થાય;

પણ વિચારે પાડીએ, તોતો કાંઈક શાંતિ થાય. તજી શોક,

કરીએ અયોગ્ય ને પછી, દાઝે બહુ જે જન;

વૃથા શોક કરવો નહી, તેથી મુઝાય નકી મન. તજી શોક.

વ્રથા શોક કરે નહી, પણ કરૈ પ્રભુ ભજન;

નિવારણુ કાંઈ થાયને, ઇશ આણે મહેર મન. તજી શોક.

માટે વિચારો બાઇરે, કરો ધર્મ ઉપાય;

થાયે મુકિત તેથી નક્કી, વૃથા શોક કર્યે શું થાય. તજી શોક.

૧ રાણી—(મેનાવતી માતા, નીર ભરયોરે થારા નેનમાં. એરાહ)

માલવપતિ પ્યારા, જોગી વેશ તજો ને સજો દીપતો. ટેક.
ભ.—ઝટ ભિક્ષા દોને, અબધુત રંગ ચઢાવ્યો શોભતો. ટેક.
રાણી—આ શું કહોછો પ્રિતમ પ્યારા, શું કરોછો છળ;
છે તમ મનથી તો હાંસી, અમ અંગે ઊઠે અનળ. રેમાલવપતિ.
ભ.—છળ કદી નથી હું કરતો, વદતો નથી અસત્ય;
ત્યાગ કરયો સંસાર તણો મેં, લેવા સત્ય સુખ નિત્ય. રે ઝટ.
રાણી—એમ નહિ વદો કંથ માહરા, શઠ્યા શિદ ઘો દુઃખ;
સુખ લેશ નથી ત્યાગમાં, છે સંસારે સહુ સુખ. રેમાલવપતિ.
ભ.—સંસાર સુખને તુચ્છ ગણું હું, નહિ એક ભજન સમાન;
તન ધન જોબન સ્વપ્નજ જાણું, નારી દુઃખની ખાણ. રે ઝટ.
રાણી—નારી સુખની ખાણ સ્વામી છે, તમને એ પ્યારી બહુ;
પીંગળાથી પ્રીતી અતિ છે, જાણું હું મન સહુ. રેમાલવપતિ.
ભ.—નામ ન દે મઇયા એનું તું, દેને ભિક્ષા ઝટ.
સંસારથી શું લાગે વળગે, જોગીને ખટપટ. રેઝટ ભિક્ષા દો.
રાણી—વાલેશ્વર તમે કેમ વદો છો, નિજ નારીને માત;
માત સ્વપત્ની વીણ સર્વે, એ નિતિ શાસ્ત્ર સાક્ષાત. રેમાલવ.
ભ.—સંસારીને એ સર્વ છે, જોગીને નહિ કાંઇ;
અને સર્વે નારી સરખી, બેન પુત્રી ને માઈ. રે ઝટ.
રાણી—અરે નાથ શું બાળશો ત્યારે, તમે અમારા ભવ;
તમ દર્શનથી આઠે સિદ્ધિ, ને છે રનિધિનવ. રેમાલવપતિ.
ભ.—તે સરવે છે પ્રભુ દર્શથી, કરો પ્રભુ ભજન;
અષ્ટ પ્રહરને સાઠે ઘડીએ, આંજો જ્ઞાન અંજન. રેઝટ.
રાણી—નાથ ઉતારો ભગવાં જલદી, પધારો મુજ આવાશ;
સેવ. કરીશ નિશદિન હું તો, છે પુરી પ્રેમની પ્યાસ. રેમાલવ.

ભ—લાવો જલદી ભિક્ષા મઇયા, નહીં લગાડો વાર;
ગરૂ હમારો રોષે ભરાશે, ન રહુ હવે આહાર. રે ઝટ ભિક્ષાદોને.
રાણી—જાશો ક્યાં જોગી બનીને, છોડી મુજને આંઈ;
જોગણુ રૂપે સંગે સદા હું, રહીશ રાજન સુખદાઈ. રેમાલવ.
ભ—નહી રૂચી મુને લલનાની, ચાહુ વાસ એકાંત;
ભિક્ષા દેવી હોય તો દો, થાશે જંગલે રળીઆત. રેમાલવ.
૨ રાણી— **(સીતાજીના મહીના)**
કેમ ભગવાં ધરયાં સ્વામીનાથ, નથી જે શોભતાં;
ભેખ ઊતારો ભરથાર, ધારો વેશ દીપતા,
કેમ કઠણુ કરોછો હૃદય, સદાય દયાળુ જે;
કેમ દેખાડતા નથી નાથ, સ્વભાવ માયાળુ જે.
અમો નારી જોબન વેશ, કહિયે વિશેષ શું;
જન્મ તુમ વિણ છેરે વૃથા, એ ન જાણો નરેશ શું.
હાય આવે ન દયા લગાર, વિચાર શું ધાર્યો છે,
અહો અહો હમારો કર, કામ શર માર્યો છે.
જોગ સાધો કદી રાજન, ફળીભુત ના થાયે;
કાહા જીવ દુભાવતાં જોગ, વાલમ વ્રથા જાયે.
હાય ત્રણુસો સાઠ કેરા, નિસાસા પડશે;
તે તો ત્રણુ ભુવન ચૌદ લોક, નમેરા નાથ નડશે.
માટે છોડોને આ ફંદ, છંદ ના કરો સ્વામી;
પધારો મહારે મહેલ, કહુંછું મસ્તક નામી.
તમ પ્રાણુ પ્યારી એવી એક, નહીજ અન્ય એવી;
અન્ય છે બહુ તમ નાર, કુંતા સીતા જેવી.
પધારી કરોને કૃતાર્થ, નાથ નિજ દાશીને;

કરો આશાવંત સ્વામિનાથ દીનનારી નિરાશીને.

ભ.—માઈ કરો નહિ વૃથા શોક, ફોક સકળ જાણો;
ઈશ આરાધના માંડો અધ્ય, સદા સત સુખ માણો.
સંસારે નથી લેશ શાર, સ્વપ્ને સુખ ના મળે;
ખુટી જાય અલખ આયુષ્ય, સત્ય સુખ ના ફળે.
ત્યાગ્યો સકળ સંસાર, ખુવાર થઇ બહુ;
એ ભાવી જાણવું સહુ, તરવા હું જોગ લહુ.
આપો આપો ભિક્ષા ઝટ, ખટપટ છોડી માવડી;
ગુરૂ જોતા હશે મુજ વાટ, નહિ રહું પા ઘડી

૩. રાણી—વઈદરભી વનમાં વલવલે.

ભગવાં ધર્યાં કેમ ભુપતિ, ઉતારી શણગાર;
વેશ ધારો ઝટ શોભિતો, મમ હૈયાના હાર. ટેક.
શું કરોછો સ્વામીજી, આવું અઘટીત કામ;
રાજ્યપાટ બીરાજો પ્યારા, ઉજ્યનીપુરીના સ્વામ.
લાવો દયા કાંઇ દીલમાં, પડાવો નહિ ત્રાસ;
પ્રાણી બહુની વાહાલમાં, શીદ ભાંગોછો આશ.
જુઓ મારી સામું તો, જાય છે રે જોબન;
પતિ છતાં શાને કરો, પ્રાણેશ મુજને જોગણ.
જુઓ અબળા તણાં દુઃખો, છે ત્રણસોને સાઠ;
શું સર્વ તેહને તજી, પ્યારા એકને માટ.
દુઃખ વિદારો વાહાલમાં, જોગી જોયા નવ જાય;
પ્રાણ વિનાનું આ પાંજરૂં, હવે ખાલીરે થાય;
કૃપા કરોને કંથજી, સંતનો ત્યાગો સંગ;
ખાંતે ખેલો સંસાર ખેલને, રમો રામા સંગ રંગ.

હાથ ખેલો સંસાર ખેલને, રમો રામા સંગ રંગ.
હાથ ઝાલો વેગે નાથજી. સાથ છોડું ન હું:
જ્યાં જશો ત્યાં આવશું ઝાઝું કથી શું કહું
ભ૦—આશ છોડો હવે માહરી, ધરો પ્રભુ કેર ધ્યાન;
જગત આશા જાણીને, કરો વ્રત તપદાન.
નથી સંસારે સુખ કંઈ, ભાસે દુઃખજ દુઃખ:
ભુખ ત્યાગો ભોગની, પામવા સત્ય સુખ.
દેહ અચળ નથી આપણો, નથી જોબન ધન;
અચળ છે ઈશ ભકિતરે, તેમાં જોડોને મન.
હવે નહિં રહું અહિં હું, જઈશ સત ગુરૂ પાસ;
તૃષ્ણા ત્યાગો સંસારની, ત્યાગો અનંત આશ.
ભિક્ષાદોને મુને ભામીની, ઊભો જોગી બાળ;
માઈ દ્યો ભિક્ષા જલદી હે, જ્ઞાના મૃત રસાળ.

૪ રાણી–ભેરવી ગજલ

ભગવાં ઉતારો ભુપતિ, સુવસ્ત્ર ધારોરે;
કૃપા કરો કૃપાનાથ, દાસી અર્થે સુધારોરે.
વિચારો વેગે વાલમા, કર સાહીને કયાં જશો;
કરો ન આમતો તમે, વાંક મુજ નથી કશો.
છ માંસતો થયા નથી, થયાને માહરા લગ્ન;
એટલામાં કેમ ઊડાવો છો, ધરપરથી ગગન;
રણુવગડામાં એકલી, કેમ છોડશો હે નાથ;
પ્રાયશ્ચિત છે કેટલું, કેમ છોડીએ સંગાથ.
નહિ નહિ નાથ એમ થાય, નહિ જવા દેઊ હું;
જશો તો સંગે આવીશ, વધારે શું કહું હું.

મુખ આપનું દીઠું; ચોરી પછી માત્ર અહીં;
શું જાવ છોડી મુજને, એતો સારી રીતી નહિ.
હવે છોડો છંદ વાણીમંદ, સુણો પ્રાણેશ માહરી;
સરમ ત્યાગી મેં હવે, નહિતો શુ કરૂં હરી.
કંઠાલિંગન ઘોપતિ, કામ તાપ દુઃખ અતિ;
દછે યુવા જાણીને, મંદ કરે હાયરે ગતિ.
આવો આવો મહેલમાં, પ્રાણેશ રમવા રંગથી;
દેહ જુદા જીવ એક છે, જુદી પડુ ન સંગથી.
ઊતારો અકારો વેસ આ, વાલમ વિચારો વાત આ;
જોગ જોગ વાસે નહીં, રૈ'શ નચિંત્ત શાંત આ.

ભ.—વૃથા વિલંબ ના કરો, હું નથી રહેનારરે;
સંસારથી સર્વથી ડરૂં. હું છું નક્કી જનારરે.
ત્યાગ આશા ભોગની, દેહછે રૂધીર માંસ;
અસ્થીને છે મજ્જાનો, ના કહી શકુ હુ સંતાસ.
નથી વળી તે અચળ, છે સચળરે સચળ;
જુક્ષમાં અરે તું ભોળી, કળકળા અરે તું કળા.
કર ભકિત શ્રી હરીની, જેથી મુકિત તારી થાય;
નથી નાથને નથીકો પતિ, સંગે કાંઇ નહી જાય.
સ્યા સંબંધથી મળે, અને પાછાં જુદા પડે;
અનંત ફેરા આવે પણ, તોય તેતો ત્યાંજ અડે.
માટે વિચાર મંનથી, સત્ય ચિજ છેરે કાંઈ;
ઉઠયા ત્યાંથી છે પ્રભાત, અલખ આયુષ્ય વહી ગઈ.
ભિક્ષા દે ઝટ મુને, વૃથા વિલંબ નકર માત;
ગુરૂ રોષે ભરાશેરે, સત્ય જાણુ તું મુજ વાત.

ગોપીચંદ લડકા જોગી હોજારે તર્જદેરાજને એ રાહ

સર્વે—સુણો રાજ હમારા, જોગી વેષ ઉતારો આપરે;
વીનંતી હમારી, સ્વીકારી નિવારો પરીતાપરે. ટેક.
પ્રધાન—નહીં જવા દઊં રાજન તમને, ઉજ્યનીમાંથી બહાર;
શો આ માંડયો છે ઉતપાત, કરોને જરા વિચારરે. સુ.
સૈન્યા—નથી જાતો જોયો મુજથી તો, રાજન જોગી વેશ;
વેરાન સર્વે સ્થાન લાગેછે, વેરાન માલવદેશરે. સુ.
નગર—પ્રજા ભોગવે ભોગ સંસારે, રાજન ભોગવે નોગ.
અણુઘટતું અતિશય છે તે, નહિ રહિ ભોગવીએ ભોગરે. સુ.
કવેરી—રહો રહો રાજન રાજ્યમા, જશોતો આવશું સંગ;
નહિ રહિયે આપ વિના અત્રે, થયા ઝેર રાગ રંગરે. સુ.
.વેદુષક—રાજન સમાગમ છોડી આપનો, ક્ષણુ પણ ના રહુ આંહી;
વેણુ માહરૂં માની રહોને, આવીશ છેડો સાહીરે. સુ.
ભર્તૃહરી.—શાને કરોછો રાજન રાજન; વૃથા ન દાખો સ્નેહ;
વિચારોને જ્ઞાન દ્રષ્ટીથી, નથી અચળ આ દેહરે શાને.
પ્રધાન—દયાનિધિ શાને તજોછો, નિર્દોષી નાર અપાર;
નિશ્વાસ તેનાનું પ્રાશ્ચિત, કેટલું કરોને વિચારરે સુણો.
ભ.—નથી સંસારે કોઇ કોઇનું, નથી સાચો કાંઈ સ્નેહ;
સ્વાર્થથી સહુ મળે એકઠા, નાશે જ્યારે પડે દેહરે. શાને.
શૈન્યાદિ—એકના અપરાધથી રાજન, ન તજાય ત્રણુસો સાઠ;
પતિ છતાં પતિ દર્શન પામે, કેવો ન્યાયનો ઠાઠરે. સુણો.
ભ.—તજી ન તજાયે મુજથી, વિચારો વિધિના લેખ;
વિધિ લેખથી સર્વે થાયે, ધાર્યો મેં એથી ભેખરે. શાને.
નગરશેઠ—પુત્ર સમાન પાળી પ્રજાને, કેમ તરછોડો રાય;

લાલન પાલન પોષણ એનું, રાજન આપથી થાયરે. સુણો.

ભ.—કોણુ રાજનને કોની પ્રજા, કોના દેશને રાજ;
સહુ સહુને સ્થાને જાઓ, કરજો સારા કાજરે શાને.

ઝવેરી—આપ રાજન છો પ્રજા આપની, આપના દેશને રાજ;
નહીં જઈએ આપ વિના અહિંયાથી, નથી સુઝતાં કાજરે સુણો.

ભ.—નથી રાજા હું તો તમારો, છું જંગલનો જોગી;
ગુરૂ પ્રતાપે થાઊં આનંદી, જ્ઞાન ભોજન આરોગીરે. શાને.

વિદુષક—છો છો આપ માલવપતિ નૃપ, કોણુ જોગી કહેનાર;
રાખીશ આપને અહિંયાં હું તો, નહિ જવા દેનારરે. સુણો.

ભ.—દીલ ઊઠયું સંસારથી મારૂં, રોકીને દો ન દોષ;
હવે જાઉ ઝટ ગુરૂની પાસે, નહિતો કરશે રોષરે. શાને.

કુંવરી—અચાનક આ શો કોપ થયોરે કીરતાર. એ રાહ

પિતા નહીં કરો એમ, ઊઠે અંગે ઝાળ;
દયા લાવો દિલમાંહે, નમે આ તમ બાળ.
કોની ઓથ પિતુ મારે, નથી મુજ જંનુની;
કહીશ કોને હું તો, વાત મનની.
છું હું બાળકુંવારી, નથી થયાં લગન;
શરણુ કોનું ત્યારે કેમ રહું મગન.
નથી કાકા પ્યારાજે, જણાવતા પ્રેમ;
કહો પિતુ કોણુ લાવો, પુત્રીપર રેમ.
નહિં જવા દેઉ પિતુ, આવીશ હું તો સંગ;
વાત્સલ્ય તમ પ્રેમે, પામીશ ઉમંગ

ભ૦—પુત્રીના કર અત્રે, વૃથા બાતું શોક;
મુજ આષિશ થકી, રહીશ અશોક.

નિજ પુત્રીવત પુત્રી, પાળશે પ્રધાન:
કરશે લગન તારાં, જોઈ સારૂ સ્થાને.
હવે જાઓ મેહેલ માંહે, મારી વાહાલી બા;
શંકર ભજન કરી, સુખી સદા થા.

સર્વપ્રજા—રાગ પરજીઓ (સતીનો કોપ સમાવજો) એ રાહ.

પ્રભુ આ જુલમ શો કર્યો, માલવદેશ ઊપર: (૨)
અમશિર છત્ર સિદ હર્યો, ન સેહેવાય હરહર. પ્રભુ.
ભૂમી માલવ દેશની, કરીછે પલમાં સુની,
ગયા રાજન જંગલમાં, તજી રાજગાદી જુની. પ્રભુ.
ત્રણુસો સાઠ ત્રારૂણી, કરી ખરે હાય દીન;
પતિ છતાં વૈધવ્ય દુ:ખ, કેમ કરેરે સહન. પ્રભુ.
બાણુલક્ષ માલવદેશ, થયો અરેરે અનાથ;
તે દુ:ખછેરે કેટલું, કયારે થશેરે સનાથ. પ્રભુ.
દુ:ખી થયા રાણી પીંગળા, અન્યના દુખનો નપાર;
બાળકુંવારી તમારી સુતા, પાડે આંસું ચોધાર. પ્રભુ.
હય ગય શાળા સુની થઈ, તેમજ સર્વે પાઠશાળા;
તેમજ રાજ સમાજરે, દીશે સહુ સ્થાન કાળા. પ્રભુ.
વિદેશ ગયાછે યુવરાજ, જે કરે માળવાનુ રાજ;
હાય ખેદ આ કેટલો, જંગલ જોગી મહારાજ. પ્રભુ.
પ્રજા પોકારે બહુ [illegible], કાંઈ રહેમ લાવો ઈશ;
હાહાકાર વર્ત્તી રહ્યો, ના[illegible] સુઝે કોઇ દીશ. પ્રભુ.
બાળક ન ધાવે નીજ જાતને, જાણી જોગીની નીજ રાજ;
પશુ ન પીએ પાણી પણ, શોક સાગરે સહુ આજ. પ્રભુ.
શોક થયો અતિ આ સમે, જાણેછોરે જગરાજ:

કૃપા કરીને મેળવો, દયાનિધી યુવરાજ. પ્રભુ.
સર્વના છો પ્રભુ તાતરે, દેશો સર્વેને સુખ;
દર્શન વિક્રમાદીત્યના, દેઇ ટાળોને દુઃખ. પ્રભુ.
કૃપા કરો જગનાથજી, હવે થઈછેરે બહુ;
નિવારો દુઃખ માળવદેશનું, આગે નમેરે સહુ; પ્રભુ.

અંક ૯ મો.

પ્રવેશ ૮ મો

વિક્રમ— આશાગોડી

લક્ષમા વિનંતી લેશો; નટનાગર લક્ષમા.
દોષીત થયોછું હું આપ સમક્ષ, દોષ રહિત જગમાં કરશો.
પ્રપંચ રહિત ભ્રાત અસત્ય પ્રેમ જાળે, ફસાયો તેને કેહેશો સંદેશો
ક્યારે પ્રભુ મેં કરયું કુકર્મ, તે આપ બતાવી દેશો. નટનાગર.
આ સકળ પ્રપંચે કરૂ થવા જ્ઞાન, મુજ ભ્રાતને સત્ય ચક્ષુ દેશો.
સત્ય જણાવી નિર્દોષી ઠરાવી, કલ્યાણ સર્વેનું કરશો. નટ.

સેવક—મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી એ રાહ.
વિશાળ એક રાજયના સેવક, અમો છઇએ;
અમ વતનપુરી ઊજયની, ત્યાં સહુ રહીએ.
શ્રી ભર્તૃહરી નામે, મહા પ્રતાપી ભુપાળ;
માળવદેશ રાજેશ, પરમકૃપાળ.
તેઓશ્રીના બાઇ, શ્રી પીંગલા પટરાણી
તેઓશ્રીનું કુકર્મ, શ્રી રાયે જાણી.
લીધો છે વૈરાગ્ય, છોડી રાજપાટ;
સમજી યોગ્યમાં, સત્ય સુખને માટ.

ગયા છોડીને પુર અરણ્યની માંહે;
શ્રી ગુરૂ મચ્છેંદ્ર યોગીસ્વર, હતો ત્યાંકે.
લીધો યોગ્ય તે, શ્રી ગુરૂ શરણે જઈ;
એ વાતતો એટલે, અહો મહાભાગ્ય રહી.
અતિશય શોક, થયો તો સર્વે સ્થાને;
નસુઝે કોઇને કરવું શું, સ્યા જ્ઞાને.
નૃપનિ આજ્ઞા થકી, અધિકારીઓએ;
અને પ્રજા તથા ભુપકેરી, નારીઓએ.
ભુપભ્રાત શ્રી વિક્રમા, દિત્યજી કેરી શોધ;
કરવાને મોકલ્યા માણુસો, દેઇ બહુ બોધ.
ઉજયનીનું ધર્માસન, છે નૃપવિણુ હાલ;
યુવરાજની શોધમા, સહિયે અરણ્ય વિકાળ.
માગીએ છીયે દેવ પાસે, અત્રે આજે;
ધન્યદિન શ્રી યુવરાજ, પાટે બિરાજે.

વિક્રમ—(હું રાવણુ લંકાપતિ. એ રાહ)

હાયદૈવ આશો ગજબ, કીધો દીન ઊપરે;
બંધુ વિયોગ કેમ સહન, થાય મુજથી અરે.
સકળ જગત સુન્યવત, થયું મારે તો આ પળે;
દુઃખ દુઃખ ચોપાશ દુઃખ, બધુ વિરહાનળે.
પુર્વ જન્મ કૃત્યના શું, મ... હશે આ ફળ;
ન સુઝે કાંઇ મુજને, ...વ કળા અકળ.
થયો અનર્થ કેટલો, પ્રભુજી તે કરો વિચાર;
દુઃખી પ્રજા માલવદેશની, દુઃખી જે સુખ કરનાર.
યોગી એ શબ્દે મુજને, કરશું છે મૃત્યુવત દુઃખ;

હાય બંધુ બેલ તુટી ગઇ, એથી શું અધિક દુઃખ.
મળે સર્વ રાજ્યરીધી, સીદ્ધિ સેવકો સાંપડેઃ
તરૂણીઓ સગાં મળે, નહિ સહોદર ભ્રાત મળે.
પરીતાપ મુજ તણો પ્રભુ, જાણોછો સર્વગ્નઃ
હું પણ હવે યોગ લેઊં. સર્વ શુન્યાવીણ બંધુ સુગ્ન.

વિક્રમ—(હમકું છાંડ ચલે બન માધુ એ રાહ.

રાજાને શું કરવું હવે મારે, એકે ન મુજ એ અર્થ સુધારે. રા૦
હુંતો નહિ આવું સંગ તમારે, શું હવે સમ્પછે મારે સંસારે,
છે નહિ ભ્રાત ત્યાં સુખ રાસી, અવિનાશી રહુ કોણ આધારે.
નથિ નથિ ઉચિત સુખ ભોગવવું. વસવું ન જોઇએ ત્યાં હવેમારે.
બંધું દુઃખ ભોગવે કેમ સુખ ભોગવું જોગજ મારે જોગવવારે.
શાને ઊપાધી વૃથા દુઃખ કરવા, સેવી પડેરે હવે પ્રભુ મારે.
નક્કી શરણે આવું હું તારે, મુજ ભ્રાતા પણ શરણે તાર. રાજ

સેવકો–(અરે બાવા તું લે ભિક્ષા. એ રાહ.

નહિ મહારાજ એમ કહો, સુખેથી પુર તમારે રહો;
મેઘ સમાન જળ નહિ, આપ સમાન બળ નહી.
એ પુરાતન કેવત અતિ, આપ વિચારો શાણાપતિ.
આપને રાય થાય જેવું, કોઇને ન થાય કદી તેવું.
જો ચહાતા હો પ્રજા સુખી, તો પધારી મટાડો દુઃખી
બન્યું છે ખરે બહુ અઘટિત, પણ વિચારો પતિ ઉચિત.
નથી બીજા કોઈ કુમાર, જાણો [illegible] પ કરનાર.
ઇચ્છો પ્રભુ પ્રમાર કુળનું. કરો [illegible] નુ નિયોગ મુળનું.
પધારો અમ સંગે રાજન, માનો અરજ હે દુઃખ ભંજન.

સમાપ્ત.

મહેરબાન સાહેબ જરાક નીચે નિગા કરજો !!

સર્વે શોખીન સજ્જનોને વિનંતી પૂર્વક જણાવું છું કે, આ પુસ્તકમાં જણાવેલી બુકો નીચે લખેલા ઠેકાણેથી મળશે જેને મંગાવવી હોય તેણે પોસ્ટેજ કાગળ લખી મંગાવી લેવી. પોસ્ટેજ પણ લેવામાં આવશે નહી. ટપાલ ખર્ચ જુદુ પડશે.

બુકોના નામ.	કીમત રૂ—આ—પા
અલીમહીરાવણ નાટક	૦—૬—૦
અરરમાવન	૦—૪—૦
અનુહરી નાટકના ગાયન	૦—૨—૦

અમદાવાદમાં—શેઠ હરીલાલ મુલચંદ [illegible]

ભાવનગરમાં—શા૦ મગનલાલ બહેચરદાસ [illegible]

મેતાની શેરીમાં [illegible]

શ્રીનાથ દાસ મેમાને [illegible]

અગર "અમદાવાદ આનંદસુબોધ" નાટક મંડળીના મુકામ હાથ નાંખી મળશે.

શકી. એમ. ડી. એમ. કંપની.

અમદાવાદ અને ભાવનગર.